# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

*****************************************************

1) કપાસ ઉત્પાદકતા મિશન, ગુજરાતમાં બે સેમિકન્ડક્ટર યુનિટ અને વાડીનારમાં જહાજ સમારકામ સુવિધા સ્થાપવા કેન્દ્રીય મંત્રી મંડળની મંજૂરી

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં વિયેતનામના રાષ્ટ્રપ્રમુખ તો લામ સાથે વાતચીત કરશે.

3) ચૂંટણી પંચે ભવાનીપુર મત ગણતરી અંગે તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીના આરોપોને ફગાવ્યાં

4) ભારતની બ્રિક્સ અધ્યક્ષતા હેઠળ, રોજગાર કાર્યકારી જૂથની બીજી બેઠક આજથી તિરુવનંતપુરમમાં શરૂ થશે.

5) I.P.L. ટી-20 ક્રિકેટમાં દિલ્હી કૅપિટલ્સ સામે ચેન્નાઈ સુપર કિંગ્સનો આઠ વિકેટે વિજય

...........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# CENTRAL GOVERNMENT APPROVAL

કેન્દ્રીય મંત્રીમંડળે ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ વધુ બે સેમિકન્ડક્ટર પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. તે અંતર્ગત ગુજરાતમાં અમદાવાદનાં ધોલેરા અને સુરતમાં 3 હજાર 936 કરોડના રોકાણ સાથે બે સેમી કંડકટર ઉત્પાદન એકમો સ્થાપિત કરાશે. તેનાથી લગભગ 2 હજાર 230 કુશળ વ્યાવસાયિકો માટે રોજગારીનું સર્જન થવાની અપેક્ષા છે.

નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું મંત્રીમંડળે દેશના કપાસ ક્ષેત્રમાં અવરોધો અને ગુણવત્તાની ચિંતાઓને દૂર કરવા 5 હજાર 600 કરોડ રૂપિયાથી વધુના ખર્ચ સાથે કપાસ ઉત્પાદકતા મિશનને પણ મંજૂરી આપી છે.

BYTE: અશ્વિની વૈષ્ણવ

મંત્રીમંડળે ઇમરજન્સી ક્રેડિટ લાઇન ગેરંટી યોજનાના પાંચમા તબક્કા તેમજ 2026-27 ખાંડ સીઝન માટે શેરડી માટે 10.25 ટકાના મૂળભૂત વસૂલાત દરના આધારે 365 રૂપિયા પ્રતિ ક્વિન્ટલના વાજબી અને લાભદાયી ભાવને પણ મંજૂરી આપી છે. આ ઉપરાંત ગુજરાતના વાડિનારમાં જહાજ સમારકામ સુવિધા સ્થાપવા પણ મંત્રી મંડળે મંજૂરી આપી છે.

# PM-VIETNAM PRESIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં વિયેતનામના રાષ્ટ્રપ્રમુખ તો લામ સાથે વાતચીત કરશે. બંને નેતાઓ દ્વિપક્ષીય સંબંધો તેમજ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા કરશે.

રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં આજે સવારે વિયેતનામના રાષ્ટ્રપ્રમુખ તો લામનું ઔપચારિક સ્વાગત કરવામાં આવશે. તેઓ રાજઘાટ ખાતે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને વિયેતનામના રાષ્ટ્રપ્રમુખ વચ્ચેની વાતચીત બાદ અનેક સમજૂતી કરારો પર હસ્તાક્ષર અને આદાન-પ્રદાન કરવામાં આવશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં તેમના વિયેતનામના સમકક્ષ સાથે મુલાકાત કરશે.

ઉલ્લેખનીય છે કે, વિયેતનામના રાષ્ટ્રપ્રમુખ ગઈકાલે ભારતની ત્રણ દિવસની મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. આ વર્ષે એપ્રિલમાં વિયેતનામના રાષ્ટ્રપ્રમુખ તરીકે ચૂંટાયા પછી તો લામની ભારતની આ પ્રથમ મુલાકાત છે.

## BJP-MAMATA

ભાજપે જણાવ્યું કે ભારત એક લોકશાહી છે અને તેનું હંમેશા સન્માન કરવું જોઈએ. તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જીના રાજીનામું નહીં આપવાના અહેવાલ પર પ્રતિક્રિયા આપતા, ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રાએ આ ટિપ્પણીઓને અરાજક ગણાવી અને આવા નિવેદનો કરવામાં સંયમ રાખવાની અપીલ કરી. શ્રી પાત્રાએ કહ્યું કે આ ટિપ્પણીઓ ચિંતાજનક છે

## ELECTION COMMISION

ચૂંટણી પંચે ભવાનીપુર વિધાનસભા મતવિસ્તારમાં મત ગણતરી અંગે તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનર્જી દ્વારા કરાયેલા આરોપોને પાયાવિહોણા અને

ખોટા ગણાવ્યા છે. દક્ષિણ કોલકાતાના જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં સ્પષ્ટતા કરવામાં આવી કે, સમગ્ર ગણતરી પ્રક્રિયા પંચના નિયમો અનુસાર કડક રીતે હાથ ધરાઇ હતી અને દરેક પગલે કાયદાનું કડક પાલન કરાયું હતું.

ગણતરી દરમિયાન CCTV કેમેરા બંધ હોવાના આરોપને સ્પષ્ટપણે નકારતા અધિકારીઓએ પુષ્ટિ કરી કે કેમેરા સમગ્ર મતદાન દરમિયાન કાર્યરત રહ્યા હતા.

## BRICS - EWG

ભારતની બ્રિક્સ અધ્યક્ષતા હેઠળ, રોજગાર કાર્યકારી જૂથ (EWG)ની બીજી બેઠક આજથી તિરુવનંતપુરમમાં શરૂ થશે. બે દિવસીય બેઠક દરમિયાન, બ્રિક્સ સભ્ય દેશોના પ્રતિનિધિઓ શ્રમ, રોજગાર અને કાર્યકર કલ્યાણ અંગે ચર્ચા કરશે.

શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું કે, બેઠક દરમિયાન, સભ્ય દેશો સામાજિક સુરક્ષા પ્રણાલીઓને આગળ વધારવા, શ્રમ બજારને ઔપચારિક બનાવવા અને કાર્યબળમાં મહિલાઓની ભાગીદારી વધારવા અંગે ચર્ચા કરશે. ચર્ચામાં રોજગાર ક્ષમતા, કૌશલ્ય મેપિંગ, કૌશલ્ય વિકાસ સહિત કામદારોને લાભ આપવામાં ડિજિટલ ટેકનોલોજીની ભૂમિકાનો પણ સમાવેશ થશે.

ઉલ્લેખનીય છે કે, બ્રિક્સના સભ્ય દેશોમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન, દક્ષિણ આફ્રિકા, સાઉદી અરેબિયા, ઇજિપ્ત, ઇથોપિયા, ઈરાન, ઇન્ડોનેશિયા અને સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# IPL TODAY MATCH

**ઇન્ડિયન પ્રીમિયર લીગ – I.P.L. ટી-20 ક્રિકેટમાં દિલ્હી કૅપિટલ્સ સામે ચેન્નઈ સુપર કિંગ્સનો આઠ વિકેટે વિજય થયો. ગઇકાલ દિલ્હીમાં રમાયેલી મૅચમાં દિલ્હીની ટીમે પહેલા બેટિંગ કરી નિર્ધારિત ૨૦ ઓવરમાં ૭ વિકેટ ગુમાવી ૧૫૫ રન બનાવ્યા, જવાબમાં ચેન્નાઈની ટીમે ૧૭.3 ઓવરમાં ૨ વિકેટ ગુમાવી ૧૫૯ રન બનાવી મેચ જીતી લીધી. ટીમ તરફથી અણનમ 87 રન કરનારા સંજુ સેમસનને પ્લેયર ઑફ ધ મૅચ જાહેર કરાયા હતા.**

**હવે આજે હૈદરાબાદના રાજીવ ગાંધી આંતર-રાષ્ટ્રીય સ્ટૅડિયમ ખાતે સનરાઈઝર્સ હૈદરાબાદ અને પંજાબ કિંગ્સ વચ્ચે સાંજે 7.30 વાગ્યે મુકાબલો થશે. પૉઈન્ટ ટૅબલમાં હાલ પંજાબની ટીમ પહેલા અને હૈદરાબાદની ટીમ ત્રીજા ક્રમાંક પર છે.**

# ECI - NOTIFICATION

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નવી વિધાનસભાની રચના માટે એક સૂચના જાહેર કરી છે. આ સૂચના ચૂંટાયેલા પ્રતિનિધિઓના શપથ ગ્રહણ અને રાજ્યમાં નવી સરકારની રચના માટે માર્ગ મોકળો કરે છે.

ચૂંટણી પંચે જણાવ્યું કે, પરિણામો જાહેર થયા પછી સૂચના જાહર કરવીએ એક મહત્વપૂર્ણ બંધારણીય પગલું છે. આ સાથે, પંચે પશ્ચિમ બંગાળમાં નવી વિધાનસભાની રચનાની પ્રક્રિયા પૂર્ણ કરી છે.

ચૂંટણી પંચે જણાવ્યું કે આ સ્થાપિત પ્રક્રિયા અનુસાર સરકાર બનાવવા આગળના પગલાંને સક્ષમ બનાવશે. વધુમાં પંચે ખાતરી કરી કે ચૂંટણી દરમિયાન તમામ નિયમોનું પાલન કરવામાં આવે. તેમણે જણાવ્યું હતું કે મતદાનથી લઈને ગણતરી સુધીની સમગ્ર પ્રક્રિયા કાયદાકીય માળખા અનુસાર સ્વતંત્ર, ન્યાયી અને પારદર્શક રીતે હાથ ધરવામાં આવી હતી.

# NIA - TERROR PLOT

રાષ્ટ્રીય તપાસ સંસ્થા (NIA) એ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન ISIS સાથે જોડાયેલા બાયોટેરર હુમલાનું કાવતરું ઘડવાના આરોપમાં ત્રણ વ્યક્તિઓ સામે આરોપનામું દાખલ કર્યું છે. આ કાવતરાનો હેતુ એરંડાના બીજમાંથી મેળવેલા અને રાસાયણિક શસ્ત્રો સંમેલનની અનુસૂચિ I માં સૂચિબદ્ધ ઘાતક જૈવિક ઝેરનો ઉપયોગ કરીને જાહેર સ્થળોએ લોકોને સામૂહિક ઝેર આપવાનો હતો.

અમદાવાદની NIA ખાસ અદાલતમાં મુખ્ય આરોપી તેમજ સહ-આરોપી સામે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, ભારતીય દંડ સંહિતાની સંબંધિત જોગવાઈઓ અને શસ્ત્ર કાયદા હેઠળ આરોપનામુ દાખલ કરવામાં આવી હતી. તપાસકર્તાઓએ ખુલાસો કર્યો કે આરોપીઓ વિદેશમાં ISIS હેન્ડલરોના માર્ગદર્શન હેઠળ કામ કરી રહ્યા હતા અને આતંક ફેલાવવા અને બાયોટેરર હુમલાની તૈયારી કરવા માટે સાથે મળીને કામ કરતા હતા.

# SMC GUIDELINES

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન આજે નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે શાળા વ્યવસ્થાપન સમિતિ (SMC) માર્ગદર્શિકા 2026 જાહેર કરશે. શાળા વ્યવસ્થાપન સમિતિઓ (SMCs) NIPUN ભારત મિશન હેઠળ મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાત્મકતા (FLN) ને મજબૂત બનાવવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે, જે રાષ્ટ્રીય શિક્ષણનીતી 2020 ના વિઝનને અનુરૂપ છે. શાળા વ્યવસ્થાપન સમિતિ પ્રારંભિક ધોરણોમાં માતૃભાષા અથવા સ્થાનિક ભાષાના ઉપયોગ અને વાંચનની આદતોને પ્રોત્સાહન આપે છે.

# DEEP TECHNOLOGY DEMONSTRATION

ભારત આવતા મહિને ફ્રાન્સના નિસમાં તેની ડીપ ટેકનોલોજી દર્શાવતું એક મોટું પ્રદર્શન યોજશે. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન પ્રધાનમંત્રી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન કરશે. તેમ કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું.

(બાઇટ - ધર્મેન્દ્ર પ્રધાન)

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

- આજના મોટાભાગના અખબારોમા મમતા બેનર્જીના મુખ્યમંત્રી પદેથી રાજીનામુ નહીં આપવાના સમાચાર જોવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચાર પ્રથમ પાને લખે છે મમતાની મારફાડ દાદાગીરી- રાજીનામુ નહીં આપું.
- દિવ્ય ભાસ્કરની હેડલાઈન છે મમતાના ઢીંગના ઢોલ- કહ્યું રાજીનામું નહીં આપું.
- મમતાનું ત્રાગું – 100 બેઠકોની લૂંટ થઈ, રાજીનામું નહીં આપું આ હેડલાઈન છે નવગુજરાત સમયની.
- સંદેશ પ્રથમ પાને લખે છે ભાજપે પશ્ચિમ બંગાળમાં નવી સરકાર રચવાની તૈયારી શરૂ કરી.